ડ્રાઈવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટને ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ ધ્વારા રજુ કરવાની કાયદાકીય અધિકૃતતા આપવા તથા ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પ્લેટથી રજુ થયેલા આ દસ્તાવેજોને મુળ દસ્તાવેજો જેવી કાયદાકીય અધિકૃતતા આપવા બાબત.

ક્રમાંકઃએમવીપી/ડીજીલોકર/અધિકૃતતા/ઓન/ ૫૮૨૨
વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ગુજરાત રાજય,
તારીખ. -૯-૨૦૧૮. 17 SEP 2018

-: પ રિ પ ત્ર :-

## આ મુ ખ.

હાલ મોટર વાહન કાયદાની જોગવાઈઓ પ્રમાણે વાહન ચલાવતીવખતે ડ્રાઈવીગ લાયસન્સ, આર.સી.બુક, પીયુસી, વીમો પોલીસી વિગેરે સાથે રાખવા ફરજીયાત છે આ દસ્તાવેજો તેના ભૌતિક સ્વરૂપે રાખવાને બદલે જો ડીજીટલ સ્વરૂપે વાહન માલીક કે ડ્રાઇવરના મોબાઈલ ફોનમાં રાખવામાં આવે તો ઘણી સુગમતા થશે. ભારત સરકારના સંદેશા વ્યવહાર અને માહિતી પ્રદ્યોગિકી મંત્રાલયે તા.૨૧-૭-૨૦૧૬ થી નોટીફીકેશન ક્રમાંક-જીએસઆર ૭૧૧(ઇ) થી ઇન્ફર્મેશન ટેકનોલોજી (પ્રિઝર્વેશન એન્ડ રીટેન્શન ઓફ ઇન્ફર્મેશન બાય ઇન્ટરઝીડીયરીઝ પ્રોવાઈડીંગ ડીજીટલ લોકર ફેસીલીટીઝ) રુલ્સ,૨૦૧૬ જાહેર કરેલ છે. જેની નકલ બિડાણ-૧ થી સામેલ છે. આ નિયમો ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ,૨૦૦૦ હેઠળ બહાર પાડવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૨ ના પેટા નિયમ-૧૨ ના ખંડ (જી) માં ડીજીટલ લોકરની વ્યાખ્યા આપવામાં આવેલ છે. તે મુજબ ડીજીટલ લોકર એટલે તેના વપરાશકર્તા ધ્વારા ઇલેકટ્રોનીક રેકર્ડની સાચવણી અને નિભાવણી કરવાની તથા વપરાશકર્તાને ઇલેકટ્રોનીક રેકર્ડની ડીલીવરી આપવાની સેવાને ડીજીટલ લોકર કહેવામાં આવે છે. જયારે ડીજી લોકર એટલે રાજય સરકાર માન્ય અને રાજય સરકાર ધ્વારા સંચાલન કરવામાં આવતી વેબસાઈટ અને મોબાઈલ આધારિત ડીજીટલ લોકર સીસ્ટમ.

## સૂચનાઓ :-

ડ્રાઈવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટને ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ ધ્વારા રજુ કરવાની બાબતને કાયદાકીય અધિકૃતતા આપવા તથા ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મથી રજુ થયેલા આ દસ્તાવેજોને મુળ દસ્તાવેજો જેવી કાયદાકીય અધિકૃતતા આપવા અને ડીજીલોકર/એમ પરિવિહન એપનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે ભારત સરકારે વખતો વખત સૂચનાઓ આપેલ છે. છેલ્લે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ ડીપાર્ટમેન્ટના તા.૮-૮-૨૦૧૮ ના પત્રથી અદ્યતન સૂચનાઓ આપેલ છે. (નકલ સામેલ છે) આ સૂચના નીચે પ્રમાણે છે.

(૧) ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ઇલેકટ્રોનીકસ અને ઇન્ફર્મેશન ટેકનોલોજીના ડીજીલોકર પ્લેટફોર્મ અને મિનિસ્ટ્રી ઓફ રોડ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝના એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર ભારતીય

નાગરિકોને ઈસ્યુ કરવામાં આવેલ ડ્રાઈવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટને ઈલેકટ્રોનીક ફોર્મમાં રાખવાની સગવડ આપવામાં આવે છે. તેમજ મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝના એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર આઇ.ટી.એકટ,૨૦૦૦ મુજબ ડીજીલોકર/એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર મુકેલ ડીજીટલ કોપીઓને મુળ દસ્તાવેજો જેવી જ માન્યતા આપવાનું ફરજીયાત બનાવેલ છે.

(૨) મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ અને સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ મુજબ માલીક /ડ્રાઈવરે યોગ્ય સત્તાધિકારી માંગે ત્યારે લાયસન્સ અથવા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

(૩) આઇ.ટી.એકટ,૨૦૦૦ ની જોગવાઇઓ મુજબ ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર રજુ થયેલ ડ્રાયવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની ડીજીટલ કોપીને મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ મુજબ વેલીડ ગણવા તેમજ ટ્રાન્સપોર્ટ ઓથોરીટી ધ્વારા ઇસ્યુ થયેલ સર્ટીફીકેટની જેમ જ માનવા.

(૪) જો વાહન માલીક/ડ્રાઈવીંગ ધ્વારા ગુનો આચરવામાં આવે અને દસ્તાવેજો કબજે લેવાની જરુરીયાત ઉભી થાય તેવા કીસ્સામાં એન્ફોર્સમેન્ટ એજન્સી આ દસ્તાવેજોને **VAHAN / SARATHI** ડેટાબેઝ પરથી ઈલેકટ્રોનીક સ્વરૂપમાં મેળવી શકશે. આ દસ્તાવેજોને ફીઝીકલ સ્વરૂપમાં સીઝ કરવાની જરુરીયાત રહેશે નહી.

(૫) ઈ-ચલણ સોફટવેરમાં ડોકયુમેન્ટ ઈમ્પાઉંડનું ઓપ્શન ઉપલબ્ધ છે. જયારે વાહન-ચાલક પાસે ડોકયુમેન્ટ ડીજીટલ સ્વરૂપે હોય અને ઈમ્પાઉંડ કરવાના હોય ત્યારે ઇ-ચલણ સોફટવેરમાં ડોકયુમેન્ટ ઈમ્પાઉંડની નોંધ કરવાની રહે. આ નોંધ વાહન ૪.૦ સોફટવેરમાં એલર્ટ સ્વરૂપે રિફલેકટ થશે. આથી જો વાહન પર કોઇ ટ્રાન્ઝેકશન કરવાનું હોય તો વાહન ૪.૦ માં એલર્ટ આવશે જેથી ટ્રાન્ઝેકશન અટકાવી શકાય.

આમ, ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર રજુ થયેલ ડ્રાઈવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટને મુળ દસ્તાવેજો જેવા ગણવા જણાવવામાં આવે છે. અને ડીજીલોકર/ ડીજીલોકર/એમ પરિવિહન એપ પોર્ટલનો વધુને વધુ નાગરિકો ઉપયોગ કરે તે માટે જરુરી પ્રચાર-પ્રસાર કરવા સૂચના આપવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ.

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્ર તિ,

(૧) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી/ તમામ પ્રાદેશિક/ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી.

(૨) તમામ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રી.

(૩) ડાયરેકટર જનરલ ઓફ પોલીસ અને ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ, પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત.

:પુરબિયા:પરીપત્ર-૨૦૧૦:૧૫૫: